# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080




**લીમખેડાની ધાનપુર ચોકડી પાસેથી કારમાંથી કરોડોની બિનહસાબી રોકડ ઝડપાઈ**

## રૂટીન વાહન ચેકિંગ દરમિયાન પોલીસે અર્ટિગા કારમાંથી 2.56 કરોડથી વધુની રકમ જપ્ત કરી

આટલી મોટી રકમનો બિનહિસાબી જથ્થો વડોદરામાં કોને અને કેમ પહોંચાડવાનો હતો તે પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે



(પ્રતિનિધિ) દાહોદ, તા.17
પોલીસ તપાસમાં કારમાંથી મળી આવ્યા શંકાસ્પદ ત્રણ પાર્સલ, પંચોની હાજરીમાં કરાઈ ગણતરી પાર્સલ માંથી કુલ ૨,૫૬,૮૦,૫૦૦ની ભારતીય ચલણી નોટોનો મોટો જથ્થો મળી આવ્યો દાહોદની આંગડિયા પેઢીમાંથી આ માતબર રકમ વડોદરા લઈ જવાતી હોવાનો પ્રાથમિક ખુલાસો મોટી રકમ અંગે કાર ચાલક રાજુભાઈ નીનામા કોઈ પણ કાયદેસરના આધાર પુરાવા રજૂ ન કરી શક્યા દાહોદના ભરત ચોપડાએ આ નાણાં વડોદરા પહોંચાડવા આપ્યા હોવાની વાહન ચાલકની કબૂલાત કરી હતી.

લીમખેડા પોલીસે તમામ રોકડ રકમ BNSSની કલમ હેઠળ સીઝ કરી ટ્રેઝરીમાં જમા કરાવી પોલીસે સ્ટેશન ડાયરી એન્ટ્રી કરી સમગ્ર મામલે ઈન્કમટેક્સ વિભાગને સત્તાવાર જાણકારી આપી છે. ઉલ્લેખનીય છે કે ચુંટણીઓ પુરી થઈ ગઈ પછી આટલી મોટી બિનહિસાબી રકમનો જથ્થો મળી આવતા અને વડોદરામાં આ જથ્થો ક્યાં અને કોને પહોંચાડવાનો હતો તે પોલીસ માટે તપાસનો વિષય બન્યો હતો.

## પાદરામાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા

પાદરા : પાદરા નગર વિસ્તારમાં ગત રોજ રાત્રિના સમયે પાદરા સ્થિત ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા હોવાની માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી જાકીરભાઈ યુસુફભાઈ ગરાસીયા, મહંમદવસીમ જીકરભાઈ મેમણ, ઈમરાન ફકીરમહંમદ ખોખર તથા વિજયભાઈ મણીલાલ રાઠોડને ઝડપી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે પત્તા-પાનાના ૫૨ નંગ, જમીન દાવના ૫,૩૫૦ તેમજ અંગઝડતીમાંથી મળેલા ૫,૧૦૦ મળી કુલ ૧૦,૪૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે પાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સમગ્ર કાર્યવાહી PSI આર.સી. ધુમ્મડના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી.

**આરોપીઓએ પૂર્વ આયોજન સાથે ગળું દબાવીને હત્યા કર્યાનુ અનુમાન**

## લીમખેડા તાલુકાના અંતેલા ગામે પરિણીતાનું રહસ્યમય મોત

ભાઈએ પતિ અને સસરા સામે પીપલોદ પોલીસ સ્ટેશન ખાતે હત્યાની ફરિયાદ નોંધાવાની માંગ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.17
કેલીયા ગામના રહેવાસી છત્રસિંહ સોમાભાઈ પટેલે પોતાની બહેન રેણુકાબેનના મોત અંગે પતિ અને સસરા સામે હત્યાનો ગુનો દાખલ કરવાની માંગ કરી છે. ફરિયાદ મુજબ, રેણુકાબેનના લગ્ન આશરે 10 વર્ષ અગાઉ અંતેલા ગામે થયા હતા અને તેમને બે સંતાનો છે. શરૂઆતમાં દાંપત્ય જીવન સારું ચાલતું હતું, પરંતુ છેલ્લા કેટલાક સમયથી પતિ રાકેશભાઈ અને સસરા હીરાભાઈ દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ છે. ફરિયાદી જણાવે છે કે 11 મેના રોજ બહેનના પતિનો ફોન આવ્યો હતો અને બહેનને લઈ જવાની વાત કરી હતી. બીજા દિવસે વહેલી સવારે 4:30 વાગ્યે ફોન કરીને જણાવાયું કે રેણુકાબેને ફાંસો ખાધો છે. પરિવારજન તરત અંતેલા પહોંચતા રેણુકાબેન ખાટલા પર સુતેલી હાલતમાં મળી આવી હતી. શરીર પર ગળા અને પીઠના ભાગે ઈજાના નિશાન દેખાતા પરિવારને શંકા મજબૂત બની હતી.

વધુમાં ઉલ્લેખ કરાયો છે કે પતિના અન્ય સ્ત્રી સાથે પ્રેમસંબંધ હતા અને આ બાબતની જાણ રેણુકાબેનને થઈ ગઈ હતી. આ કારણસર ઘરમાં અવારનવાર તણાવ રહેતો હતો. પરિવારજનોએ લીધેલા ફોટોગ્રાફ્સમાં ગળા પર દોરીના સ્પષ્ટ નિશાન તથા શરીર પર મારઝૂડના નિશાન હોવાનું પણ જણાવ્યું છે. ફરિયાદીએ આક્ષેપ કર્યો છે કે આરોપીઓએ પૂર્વ આયોજન સાથે ગળું દબાવીને હત્યા કરી અને બાદમાં તેને આત્મહત્યા તરીકે દર્શાવવાનો પ્રયાસ કર્યો. સાથે જ આરોપીઓએ પુરાવા નષ્ટ કરવાની કોશિશ કરી હોવાનું પણ જણાવાયું છે. પરિવારજનોએ બંને આરોપીઓની તાત્કાલિક ગુનો નોંધી ધરપકડ માંગ કરી છે.

**સુખસરમાં ગેરકાયદે દબાણોનો રાફડો ફાટ્યો**

## 43 ગેરકાયદેસર દબાણો હટાવવા મામલતદાર દ્વારા નોટિસ અપાઈ

દસ દિવસમાં દબાણ દુર કરવામાં નહિ આવે કાયદાકીય રીતે હટાવવામાં આવશે

(પ્રતિનિધિ) સુખસર, તા.17
સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે આવેલ રેવન્યુ સર્વે નંબર 23 તથા 25 સરકારી જમીનમાં વર્ષોથી ગેરકાયદેસર દબાણો કરવામાં આવેલ છે.અને મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ 1979 ની કલમ 61 મુજબ સરકારી જમીનના અનઅધિકૃત ભોગવતા માટે દર વર્ષે નોટીસો પણ આપવામાં આવે છે.અને તેવી જ રીતે હાલમાં નોટિસ આપી દસ દિવસમાં આ દબાણો હટાવી લેવા મામલતદાર સુખસર દ્વારા જણાવાયું છે.અને જણાવ્યું છે કે, સુખસર ની સરકારી પડતર રસ્તાની જમીનમાં બિનઅધિકૃત ભોગવટો કરી જમીનમાં દબાણ કરેલ છે.અને તમોએ સરકારી જમીન રસ્તા પર ખેતી બિન ખેતી દબાણ કરી સરકારી જમીન ઉપર રોંગ ફુલ પજેસન કરેલ છે.આવી બિન અધિકૃત કબજો ભોગવટો કરનાર તમામ દબાણ કર્તા ઓને નોટિસ આપી જણાવ્યું છે કે, તમોએ આપ ખુદીથી મરજી મુજબ સરકારી જમીન રસ્તા પર કબજો ભોગવટો કરી કાયદાનું ઉલ્લંઘન કરી કાયદેસરનો ગુનો કરેલ છે.કોઈપણ સરકારી મિલકત ઉપર બિનઅધિકૃત કબજો વગર પરવાનગીએ કરવો તે કાયદા વિરુદ્ધ છે.તેની જાણ હોવા છતાં દબાણકર્તા ઓએ બિનઅધિકૃત કબજો ભોગવટો કરેલ છે.

વધુમાં કલેકટર દાહોદના હુકમ નંબર જમન/કલમ 37 ક2026 તારીખ 20/3/2026 મુજબ મોજે સુખસર તા.સુખસરના રેવન્યુ સર્વે નંબર 11 જાહેર માર્ગની જમીનમાં કરવામાં આવેલ દબાણ અંગે જમીન મહેસુલ અધિનિયમની કલમ 61 હેઠળ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવેલ છે.જે મુજબ દબાણ કર્તા ઓએ બિનઅધિકૃત ભોગવટો કરી આ જમીનમાં દબાણ કરેલ હોય જે સત્વરે દૂર કરવા જણાવાયું છે.

## પાદરા પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ પદની ચૂંટણી 19મે ના રોજ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.17
પાદરા નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી આગામી તા. ૧૯/૦૫/૨૦૨૬ મંગળવારના રોજ બપોરે ૧૨ કલાકે નગરપાલિકા સભાખંડ ખાતે યોજાનાર છે. એપ્રિલ માસમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કુલ ૨૮ પૈકી 11 બિનહરીફ બાદ કરતા 17 બેઠકો માટે મતદાન યોજાયું હતું, જેમાં ભાજપે કુલ 28 માંથી ૨૩ બેઠકો પર વિજય મેળવી સતત સાતમી વખત સત્તા હાંસલ કરી હતી. પાલિકાની પ્રથમ સામાન્ય સભામાં કુલ ૨૮ ચૂંટાયેલા સભ્યો હાજર રહેશે, જેમાં ૧૯ સભ્યો નવા ચૂંટાયેલા છે જ્યારે ૯ સભ્યો પુનઃ ચૂંટાઈ આવ્યા છે. આ પ્રથમ બેઠકમાં પાલિકાના પ્રથમ નાગરિક તરીકે પ્રમુખની પસંદગી કરવામાં આવશે, જે આગામી અઢી વર્ષ માટે પદ પર રહેશે. ચૂંટણી પ્રક્રિયા માટે નિયુક્ત ચૂંટણી અધિકારી તથા મામલતદાર નાયબ કલેક્ટર એશ્વર્યા દુબેની ઉપસ્થિતિમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે. પાલિકામાં રોટેશન મુજબ અનામત બેઠકની જોગવાઈને ધ્યાનમાં રાખીને પક્ષ દ્વારા ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવી રહ્યા છે. ભાજપ સંગઠનમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદ મેળવવા માટે દાવેદારો દ્વારા મંડળ તથા વરિષ્ઠ આગેવાનો સમક્ષ પોતાની દાવેદારી રજૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે પક્ષ દ્વારા અંતિમ નિર્ણય બાદ જેને મેન્ડેટ આપવામાં આવશે તે ઉમેદવારો સરળતાથી ચૂંટાઈ આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**હાલોલ દાવડા ખાતે સિદ્ધિવિનાયક સોસાયટીની કરુણ ઘટના**

## બે પુત્રોની માતાએ પંખામાં દુપટ્ટો બાંધી ફાસો ખાઈ આત્મહત્યા કરી



(પ્રતિનિધિ) હાલોલ., તા.17
હાલોલ ના દાવડા ખાતે આવેલી ૫૭, સિદ્ધિ વિનાયક સોસાયટી માં રહેતા જીતેન્દ્રકુમાર શાંતિસ્વરૂપ શર્મા ત્રણ પુત્રો અને પત્ની સાથે સંયુક્ત પરિવાર માં રહે છે જેમાં મોટા પુત્ર આતિષકુમાર ના લગ્ન ૨૦૧૯ માં શિવાની સાથે થયા હતા. અને તેમના લગ્ન જીવન માં ૩ વર્ષ ની પુત્ર અને ૨ વર્ષ નો પુત્ર છે ઘટના ના દિવસે એટલે ૧૬ મેં ના રોજ આતિષકુમાર રોજના ક્રમ મુજબ નોકરી પર ગયા હતા અને તેનો નેનો ભાઈ રવીશકુમાર પાવાગઢ ખાતે દુકાને ગયો હતો. જયારે જીતેન્દકુમાર તેમના પત્ની અને તેમનો પુત્ર ઓમભાઈ અને આતિષકુમારની પત્ની શિવાની અને તેના બે બાળકો ઘરે હતા દરમ્યાન ૧૧ વાગ્યાના સમયગાળામાં શિવાની તેના નાના છોકરાને નવડાવવા માટે નીચે મૂકી ઉપરના મળે તેના રૂમ માં જતી રહી હતી ત્યારબાદ જમવાનો સમય થતા શિવાની ને તેની સાસુએ બોમો પાડી છતાં તેઓ નીચે નહિ આવતા જીતેન્દ્રભાઈ તેમની પત્ની પહેલા માળે શિવાની ના રુમ નો દરવાજો ખખડાવેલ તેમ છતાં તેનો કોઈ પ્રતિ ઉત્તર ન મળતા જીતેન્દ્રભાઈ એ પાછળ ની અગાસીમાં જઈ કાચની બારી ખોલી અંદર પ્રવેશ કરતા શિવાની રૂમ માં આવેલ પાંખ પર દુપટ્ટો બાંધી ગળે ફાસો ખાધેલી હાલત માં જોવા મળતા ડઘાઈ ગયા હતા બુમાબુમ કરતા તેમની પત્ની અને પુત્ર દોડી આવી શિવાની ને નીચે ઉતારી બનાવ ની જાણ પોલીસ ને કરતા પોલીસે પ્રાથમિક તપાસ કરી હાલ અકસ્માત મોત નો ગુનો નોંધ્યો છે.

**સાવલી તાલુકાના ટુંડાવ ગામે ભ્રષ્ટાચારના ભણકારા**

## 15 લાખના ખર્ચે બનેલી ગટર લાઈનને તોડીને ફરીથી બનાવતા ગામલોકોએ કામગીરી અટકાવી



(પ્રતિનિધિ) સાવલી, તા.17
સાવલીના ટુંડાવ ગામે ગ્રામ પંચાયત દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ એકતા સોસાયટી પાસે નવીન ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે આ કામગીરીમાં ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ આક્ષેપ મુજબ બે વર્ષ પહેલાં બનેલા આશરે રૂ. 15 લાખના રોડને તોડી ગટર લાઈન પંચાયત દ્વારા ગટર લાઈન કરવામાં આવી રહી છે તેના પગલે ગટર લાઈન નાખવાના કામને લઈને ગ્રામજનો અને ગ્રામ પંચાયત વચ્ચે વિવાદ સર્જાયો છે. 15 લાખના ખર્ચે બનેલ રોડને જી સી બી વડે તોડીને પંચાયત દ્વારા બુધ્ધિ નું પ્રદર્શન કરીને ગટર લાઈન નાખવાની કામગીરી શરૂ થતાં ગ્રામજનોએ ભારે વિરોધ કરીને કામ રોકાવી દીધું હતું એક જ અઠવાડિયામાં પંચાયત દ્વારા કરવામાં આવેલા વિકાસના બે કામો માં ગ્રામજનો દ્વારા ભ્રષ્ટાચારના આક્ષેપ કરવામાં આવતા ભારે ચર્ચા જાગી છે ગામના જાગૃત નાગરિક એડવોકેટ અનિલભાઈ રાણા ના જણાવ્યા મુજબ અમે વિકાસ ના કામ ના વિરોધી નથી પૂર્વ સરપંચ દ્વારા થોડા સમય પહેલાં જ ગામમાં આ રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને રોડ હજુ પણ સારી સ્થિતિમાં છે. તેમ છતાં યોગ્ય આયોજન વિના રોડ તોડીને ગટરનું કામ શરૂ કર્યું છે તેનો અમારો વિરોધ છે ગામના કોલોની વિસ્તારમાં 1000 લોકો ગટર લાઈનની સમસ્યાથી પીડાઈ રહ્યા છે એ સમસ્યા દૂર કરવામાં નથી આવતી અને ગટર લાઈન નાખવા સામે અમારો વિરોધ નથી પરંતુ રોડ તોડવા સામે અમારો વિરોધ છે આ ગટર લાઈન માં રોડ તોડવા ને બદલે રોડ ની સાઈડ માં અથવા અન્ય વૈકલ્પિક રીતે ગટર લાઈન નાખી શકાય તેવી છે આ રોડ તૂટી ગયા પછી ફરી ક્યારે બનશે તે પણ જરૂરી મુદ્દો છે.

**પોલીસે અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે**

## રતનપુર નજીક સીઝ કરેલા હિટાચી મશીનની નદીના પટમાંથી ચોરી

(પ્રતિનિધિ) સંખેડા, તા.17
તા.10 મે ના રોજ રતનપુર (ક) ગામે ઓરસંગ નદીના પટમાં ખાણ ખનિજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન હિટાચી મશીન સીઝ કરવામાં આવ્યું હતું. મશીન ચાલુ ન થઈ શકવાના કારણે તેને – નદીના ઘેડ ઉપર જ સુરક્ષિત –જગ્યાએ મૂકીને તેની દેખરેખ રાખવામાં આવી રહી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તા.15 ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યે જ્યારે જિલ્લા પુરવઠા અધિકારી અને તેમની ટીમ રતનપુર (ક) બ્લોક-ડી વિસ્તારમાં તપાસ અર્થે ગયા. ત્યારે સીઝ કરેલું હિટાચી મશીન તેના મૂળ સ્થાને નહોતું. મશીનને કોઈ અજાણ્યા ઈસમો ઓરસંગ નદીમાં નીચે ઉતારી, રતનપુર બ્લોક-ડી વિસ્તારમાંથી મળી આવેલ હતું. ચોકાવનારી વાત તો એ છે કે જ્યારે અધિકારી દ્વારા સીજ કરેલ હિટાચી મશીન બ્લોકમાંથી ચલવીને બહાર કાઢવા આવ્યું હતું અને સ્થળ પર સિક્યુરિટી પણ મૂકવામાં આવ્યા હતા તો એ છતાય ગામડી ખનીજ ખાતા ની મિલી ભગત હોય એમ અધિકારી ગયા બાદ સિક્યુરિટી નીહાજરીમાં જો મશીન પાછું બ્લોકમાં ઉતરી જાય અને પછી અધિકારી દ્વારા મશીન બગડી ગયેલું હોય એમ કહેવામાં આવે તે કયા સુધી યોગ્ય છે તેવી ચર્ચા ઊઠવા પામી છે અને મહત્વની વાત તો એ છે કે આ વાતની જાણ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના રોયલ્ટી ઈન્સ્પેક્ટરે આ મામલે અજાણ્યા બનતા ચોર ઈસમો ની વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી છે.

## કરજણના તેજસ્વી તારલાઓનું સન્માન: શિક્ષણ અને રમતગમતનું ગૌરવ



**કરજણ :** કરજણ તાલુકાના શૈક્ષણિક અને રમતગમતના ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓનું મૂળ નિવાસી એકતા મંચ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું, જે સમાજમાં શિક્ષણ અને પ્રતિભાના મૂલ્યને ઉજાગર કરે છે. આ કાર્યક્રમમાં ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ તેમજ રમતગમતમાં રાષ્ટ્રીય સ્તરે કરજણનું નામ રોશન કરનાર પ્રતિભાઓને બિરદાવવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં કરજણ કોર્ટના પ્રિન્સિપાલ જજ શ્રી પી. વી. ઢીમર સાહેબની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી, જેમણે વિદ્યાર્થીઓને પોતાના પ્રેરણાદાયી પ્રવચન દ્વારા પ્રોત્સાહિત કર્યા.

**ગરબાડા તાલુકાના પાંચવાડા ગામે વહેલી સવારનો બનાવો**

## ખેતરમાં કામ કરતા યુવકો પર દીપડાનો જીવલેણ હુમલો, પરિવારોના જીવ અધ્ધર!

ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો



(પ્રતિનિધિ) દાહોદ, તા.17
ગરબાડા તાલુકાના પાંચવાડા ગામેથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં સવારના સમયે ખેતરમાં કામ કરી રહેલા ગ્રામજનો પર દીપડાએ અચાનક હુમલો કરી દીધો હતો. આ હિંસક હુમલામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. દીપડાના આ આતંકથી સમગ્ર પંથકમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, પાંચવાડા ગામના માળ ફળિયામાં રહેતા સ્થાનિક લોકો સવારના સમયે પોતાના ખેતરમાં રોજિંદું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ ક્યાંકથી ધસી આવેલા દીપડાએ પાછળથી લોકો પર હિંસક હુમલો કરી દીધો હતો. દીપડાએ એટલી ઝડપથી હુમલો કર્યો કે લોકોને બચાવનો મોકો જ ન મળ્યો. દીપડાના આ હુમલામાં ત્રણ લોકોને માથાના તેમજ મોઢાના ભાગે અને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી છે.જેમાં
૧. પંકજભાઈ ધુલાભાઈ માવી*
૨. મનોજભાઈ કેશવભાઈ માવી*
૩. રાકેશભાઈ સેવાભાઈ પરમાર
ઈજાગ્રસ્થ સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતાં.

હુમલાની ચીસાચીસ સાંભળીને આજુબાજુથી અન્ય ગ્રામલોકો દોડી આવ્યા હતા. ગ્રામજનોએ એકઠા થઈને બૂમાબૂમ કરતા દીપડો ત્યાંથી ભાગી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં ત્રણેય ઈજાગ્રસ્તોને ગ્રામલોકો દ્વારા તાત્કાલિક વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે આ ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. વન વિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂરવા માટે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્થાનિકોએ વન વિભાગ સમક્ષ વહેલી તકે આ વિસ્તારમાં પાંજરું મૂકી દીપડાને પકડવાની માંગ કરી છે જેથી અન્ય કોઈ મોટી હોનારત ટળી શકે.

**ઋષિ પટેલ પર માર મારવાનો સીધો આક્ષેપ કરવામાં આવ્યો કરતો વીડીયો વાયરલ**

## કરજણના ધારાસભ્યના પુત્ર પરના આક્ષેપો: સત્ય અને રાજકારણનો વમળ

(પ્રતિનિધિ) કરજણ, તા.17
તાજેતરમાં કરજણ-શિનોર-પોરના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષિ પટેલ પર માર મારવાના આક્ષેપો કરતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. આ ઘટનાક્રમમાં અનેક વળાંકો અને વિરોધાભાસી નિવેદનો સામે આવી રહ્યા છે, જે આ સમગ્ર પ્રકરણને વધુ ગૂંચવણભર્યું બનાવે છે. પ્રથમ દૃષ્ટિએ, એક વ્યક્તિ દ્વારા વાયરલ કરાયેલા વીડિયોમાં ઋષિ પટેલ પર માર મારવાનો સીધો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ આક્ષેપ સ્વાભાવિક રીતે જ રાજકીય ગરમાવો પેદા કરનારો હતો, ખાસ કરીને જ્યારે તે એક સત્તાધારી પક્ષના ધારાસભ્યના પુત્ર સાથે સંકળાયેલો હોય. જોકે, આ ઘટનાના થોડા સમય બાદ જ એક નવો ખુલાસો સામે આવ્યો. જે વ્યક્તિએ માર મારવાનો આક્ષેપ કર્યો હતો, તેના જ એક સાથી મિત્રએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેઓ ડીઝલ ચોરીમાં પકડાયા હતા અને તે સંદર્ભે જ તેમને માર મારવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક રીતે, આ મિત્રએ એમ પણ જણાવ્યું કે તેઓ આ મામલે કોઈ ફરિયાદ કરવા માંગતા નથી. આ નિવેદનથી સમગ્ર ઘટનાક્રમમાં એક નવો વળાંક આવ્યો. જો માર મારવામાં આવ્યો હોય અને તે પણ ધારાસભ્યના પુત્ર દ્વારા, તો ફરિયાદ ન કરવાની વાત અને ડીઝલ ચોરીમાં પકડાયા હોવાની કબૂલાત અનેક પ્રશ્નો ઊભા કરે છે. શું આ માત્ર એક સામાન્ય મારામારીનો કિસ્સો હતો જે ડીઝલ ચોરીના સંદર્ભમાં બન્યો હતો? કે પછી આમાં કોઈ રાજકીય હસ્તક્ષેપ હતો? આ પ્રશ્નોના જવાબ મળતા પહેલા જ, બી.ટી.પી. (ભારતીય ટ્રાઈબલ પાર્ટી) ના કાર્યકર્તા ઘનશ્યામભાઈ વસાવા દ્વારા એક ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે, તેમને અને તેમના સાથીઓને "ઊંધા લટકાવીને માર મારવામાં આવ્યો" હતો અને આ કૃત્ય ઋષિ પટેલ અને તેના મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. વધુમાં, ઘનશ્યામભાઈએ એવો પણ આક્ષેપ કર્યો કે તેમને ધારાસભ્યના પુત્ર વિરુદ્ધ કેસ દાખલ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ આક્ષેપ સમગ્ર ઘટનાને એક નવો રાજકીય રંગ આપે છે. જો ઘનશ્યામભાઈના આક્ષેપો સાચા હોય, તો આ માત્ર ડીઝલ ચોરીના સંદર્ભમાં થયેલી મારામારીનો કિસ્સો નથી, પરંતુ તેમાં રાજકીય દુશ્મનાવટ અને દબાણનો પણ સમાવેશ થાય છે. બી.ટી.પી. અને સત્તાધારી પક્ષ વચ્ચેની રાજકીય હરીફાઈ કોઈનાથી છૂપી નથી, અને આવા સમયે આવા આક્ષેપો રાજકીય લાભ ખાટવાના પ્રયાસ તરીકે પણ જોઈ શકાય છે. આ સમગ્ર પ્રકરણમાં સત્ય ક્યાં છે તે શોધવું મુશ્કેલ બન્યું છે.